

સ્પેનના પેમ્પલોનામાં પ્રખ્યાત 'બુલ રન' ઉત્સવનો પ્રારંભઃ સ્પેનના પેમ્પલોના શહેરમાં પરંપરાગત સેન ફર્મિન ફેસ્ટિવલ અંતર્ગત યોજાયેલી 'એન્સિએરો' (બુલ રન - આખલા દોડ)માં ઉત્સાહભેર ભાગ લઈ રહેલા લોકો. શહેરના રક્ષક સંતની યાદમાં દર વર્ષે ૬ થી ૧૪ જુલાઈ દરમિયાન આ ઉત્સવ યોજાય છે. જૂના શહેરની સાંકડી ગલીઓમાં દોડતા આખલાઓથી આગળ નીકળી જવાની રોમાંચક સ્પર્ધામાં ભાગ લેવા માટે દુનિયાભરમાંથી પ્રવાસીઓ અહીં ઉમટી પડે છે.

### ઇન્ડોનેશિયાને મળશે બ્રહ્મોસ અને અસ્ત્ર મિસાઈલ

# ભારત અને ઈન્ડોનેશિયા ચીનની સરહદ પાસે સંયુક્ત પોર્ટ બનાવશે

**પીએમ** મોદી અને રાષ્ટ્રપતિ પ્રબોવો વચ્ચે સંરક્ષણ સહિત ૧૪ ઐતિહાસિક કરારો સંપન્ન; $૬૦૦ મિલિયનથી વધુની ડિફેન્સ ડીલ સાથે બંને દેશો વચ્ચે 'સુવર્ણ યુગ'ની શરૂઆત

જકાર્તા, ૭ જુલાઈઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઈન્ડોનેશિયા મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચેના સંરક્ષણ અને વ્યાપારી સંબંધોમાં એક નવો ઈતિહાસ રચાયો છે.

ભારત હવે ઈન્ડોનેશિયાને પોતાની અત્યંત શક્તિશાળી 'બ્રહ્મોસ' સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ અને 'અસ્ત્ર' એર-ટુ-એર મિસાઈલ સપ્લાય કરશે. પીએમ મોદી અને ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતો વચ્ચે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં આ મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં શાંતિ અને સુરક્ષા જાળવી રાખવાનો છે.

બંને દેશો વચ્ચે સંરક્ષણ, દરિયાઈ સુરક્ષા, ક્રિટિકલ મિનરલ્સ (દુર્લભ ખનિજો), સ્ટીલ સપ્લાય ચેઈન અને શિક્ષણ સહિત કુલ ૧૪ ઐતિહાસિક કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. બેઠક બાદ પીએમ મોદીએ વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું કે, "આ કરારો સાથે બંને દેશોના સંબંધોમાં એક સુવર્ણ પ્રકરણની શરૂઆત થઈ રહી છે."

**મુખ્ય આકર્ષણઃ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ 'સબાંગ પોર્ટ'નો વિકાસ**

ચીનના વધતા જતા સૈન્ય પ્રભાવને રોકવા માટે બંને દેશોએ એક મોટો અને વ્યૂહાત્મક નિર્ણય લીધો છે. ભારત અને ઈન્ડોનેશિયા મળીને મલક્કાની સમુદ્રધૂની નજીક આવેલા 'સબાંગ પોર્ટ' નો સંયુક્ત વિકાસ કરશે. આ પોર્ટ ભારતના ગ્રેટ નિકોબાર પોર્ટ પ્રોજેક્ટથી માત્ર ૧૦૦ માઈલ દૂર છે. રાષ્ટ્રપતિ પ્રબોવોએ અંદામાન-નિકોબાર અને સબાંગ આઈલેન્ડ વચ્ચેના આ વ્યૂહાત્મક જોડાણને ખુલ્લું સમર્થન આપ્યું છે.

**$૬૦૦ મિલિયનની ડિફેન્સ ડીલઃ** પીએમ મોદીની હાજરીમાં આશરે ૬૦ કરોડ ડોલરથી વધુના બે સંરક્ષણ નિકાસ કરારો જાહેર કરાયા છે. ગયા વર્ષે 'ઓપરેશન સિંદૂર' દરમિયાન ભારતીય સેના માટે આ બંને હથિયાર પ્રણાલીઓએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. ફિલિપાઈન્સ અને વિયેતનામ બાદ ઈન્ડોનેશિયા ત્રીજો દેશ છે જેને ભારત બ્રહ્મોસ આપશે.

### દાદાગીરી સામે હોસ્પિટલના ડોક્ટરો હડતાળ પર

# શિવસેનાના કોર્પોરેટર અને સમર્થકોનો ડોક્ટરો પર હુમલો



મુંબઈ, તા. ૭: ડોમ્બિવલીમાં કલ્યાણ ડોમ્બિવલી મ્યુનિસિપલ કોર્પોરેશનની શાસ્ત્રીનગર હોસ્પિટલના ડોક્ટરો અને નર્સોએ આક્ષેપ કર્યો છે કે, એક ગર્ભવતી દર્દીને રીફર કરવાના વિવાદને પગલે મંગળવારે શિવસેનાના કોર્પોરેટર રમેશ મ્હાત્રે અને તેમના કેટલાક સમર્થકો દ્વારા તેમની સાથે મારપીટ કરવામાં આવી હતી, જેને કારણે હોસ્પિટલના સ્ટાફે હડતાળ શરૂ કરી દીધી છે.

ડોક્ટરોના જણાવ્યા અનુસાર, એક ગર્ભવતી મહિલાને ડિલિવરી માટે સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. તેણીની તપાસ કર્યા પછી ડોક્ટરોએ પરિવારને જાણ કરી હતી કે, નવજાત શિશુને નિયોનેટલ ઈન્ટેન્સિવ કેર યુનિટ (એનઆઈસીયુ) માં સારવારની જરૂર પડી શકે છે.R જોકે, હોસ્પિટલમાં એનઆઈસીયુ ના તમામ બેડ ભરેલા હોવાથી પરિવારને સલાહ આપવામાં આવી હતી કે, જો નવજાતને વિશિષ્ટ સંભાળની જરૂર જણાશે તો દર્દીને બીજી હોસ્પિટલમાં શિફ્ટ કરી શકાય છે.

હોસ્પિટલ સ્ટાફે આક્ષેપ કર્યો છે કે, અન્ય હોસ્પિટલમાં મોકલવાના નિર્ણયને કારણે દલીલબાજી થઈ હતી, જે બાદ મ્હાત્રે અને તેમના સમર્થકો હોસ્પિટલમાં ઘૂસી આવ્યા હતા અને એક મહિલા ડોક્ટર, અન્ય બે ડોક્ટરો અને ત્રણ નર્સો પર હુમલો કર્યો હતો.





# ચીનમાં સદીનું સૌથી ભયાનક પૂરઃ ૨૦નાં મોત

**ભારે** વરસાદ અને વાવાઝોડાએ મચાવી ભારે તારાજી

**પાણીના** તેજ પ્રવાહમાં ફાર્મ તૂટતાં ૯૦૦ સાપ ભાગ્યા!

**કમર** સુધીના પાણીમાં સાપ પકડવા રેસ્ક્યૂ ટીમ તહેનાત

બેઈજિંગ, તા. 7 (PTI) ચીનના અત્યાર સુધીના સૌથી ભયાનક પૂરમાં ઓછામાં ઓછા 20 લોકોનાં મોત થયાં છે અને અન્ય 331 લોકો ઘાયલ થયા છે. ઉછળતા પાણીના જોરથી એક ફાર્મ તૂટી પડતાં લગભગ 900 જેટલા સરકતા સરીસૃપો ત્યાંથી ભાગી છૂટ્યા હતા. એમ સત્તાવાળાઓએ મંગળવારે જણાવ્યું હતું. હોંગકોંગ સ્થિત સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટે અહેવાલ આપ્યો હતો કે, એક વાયરલ વીડિયોમાં લોકો કમર સુધીના પાણીમાં વાંસની લાકડીઓ લઈને ઊભેલા અને સાપને પકડવાનો પ્રયાસ કરતા જોવા મળ્યા હતા.

ગામના અધિકારી, વુ ઝીએ રેડ સ્ટાર ન્યૂઝ પોર્ટલને જણાવ્યું કે, મોટા ભાગના સાપ ઝેરી નહોતા અને તેમને માછલી પકડવાની જાળી તથા સ્ટન ગન વડે પકડવા માટે 10 લોકોની ટીમ બનાવવામાં આવી છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, સોમવાર રાતથી ચીનમાં કેટલાય સ્થળોએ સર્જાયેલા ખરાબ હવામાનના કારણે ભારે તબાહી મચી છે.

સરકારી ન્યૂઝ એજન્સી સિન્હુઆએ અહેવાલ આપ્યો છે કે, રાષ્ટ્રપતિ શી જિનપિંગે મંગળવારે પૂર કટોકટી બચાવ, આપત્તિ રાહત અને ઘાયલોની સારવાર માટે સર્વગ્રાહી પ્રયાસો હાથ ધરવા આહવાન કર્યું હતું.

ભારે વરસાદને કારણે દેશભરની 62 નદીઓ પૂરની ચેતવણીના સ્તરથી ઉપર વહી રહી છે.

સોમવારે રાત્રે હુબેઈ પ્રાંતના પૂર્વીય ભાગમાં વાવાઝોડું, ગાજવીજ સાથે વરસાદ અને ભારે વેગથી પવન ફૂંકાયો હતો. અહેવાલ મુજબ, ખરાબ હવામાનને કારણે 22 ઈમારતો સંપૂર્ણ નષ્ટ થઈ ગઈ છે અને અન્ય 4,855 ઈમારતોને નુકસાન થયું છે.

# ઈન્ડોનેશિયાનું સર્વોચ્ચ સન્માન PM મોદીને મળ્યું



જકાર્તા, તા. ૭ (પીટીઆઈ) વડા પ્રધાન નરેન્દ્ર મોદીને બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત કરવામાં તેમની ભૂમિકા બદલ મંગળવારે ઈન્ડોનેશિયાના સર્વોચ્ચ સન્માન 'બિન્તાંગ આદિપુર્ણ ઓફ ધ રિપબ્લિક ઓફ ઈન્ડોનેશિયા' મેડલથી નવાજવામાં આવ્યા હતા.

ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતોએ મોદીને આ મેડલ અર્પણ કર્યો હતો.

વડા પ્રધાન કાર્યાલયે એક્સ પર પોસ્ટ કર્યું હતું કે, "આજે સવારે મને અપાર સ્નેહ સાથે ઈન્ડોનેશિયાના સર્વોચ્ચ સન્માનથી પણ નવાજવામાં આવ્યો છે. આ સન્માન કરોડો ભારતીયોનું છે... તે ઈન્ડોનેશિયાના લોકોની ભાવનાઓ, ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેના ઐતિહાસિક અને ગાઢ સંબંધોનું છે."

# વાયનાડમાં ટનલ પ્રોજેક્ટ સાઈટ પર ભયાનક ભૂસ્ખલનઃ ૩નાં મોત

**તંત્રની** સૂચના છતાં કોન્ટ્રાક્ટરે માટીનો ઢગલો ન હટાવ્યો; 'દોડો દોડો'ના પોકાર સાથે વીડિયો વાયરલ

વાયનાડ (કેરળ), તા. ૭ : કેરળના પહાડી જિલ્લા વાયનાડના મેપ્પડી પંચાયતમાં કાલિકટ અને વાયનાડને જોડતા મલ્ટી-કરોડ ટનલ રોડ પ્રોજેક્ટની સાઈટ પર મંગળવારે સવારે ૧૧ વાગ્યાની આસપાસ એક ભયાનક ભૂસ્ખલન સર્જાયું હતું. ભારે વરસાદના કારણે ખોદકામ કરીને એકત્ર કરાયેલી માટીનો મોટો ઢગલો અચાનક ધસી પડતાં ૩ લોકોના કમકમાટીભર્યા મોત થયા છે, ૧૦ લોકો ઘાયલ થયા છે અને ૫ લોકો હજુ પણ કાદવના કાટમાળ નીચે ગુમ છે. રાજ્યના બે મંત્રીઓએ આ ઘટનાને કુદરતી હોનારત નહીં, પરંતુ કોન્ટ્રાક્ટરની બેદરકારીના કારણે સર્જાયેલી 'માનવ-સર્જિત' તબાહી ગણાવી છે. ઉલ્લેખનીય છે કે, આ અકસ્માત સ્થળ ૨૦૨૪ના એ ભયાનક ભૂસ્ખલન પ્રભાવિત મુંડક્કાઈ-ચૂરલમાલા ગામોની ખૂબ નજીક છે, જ્યાં અગાઉ ૨૫૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા હતા.

મુખ્યમંત્રી વી.ડી. સતીશને પત્રકારોને જણાવ્યું કે, પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ (PWD)ના મંત્રી અને જિલ્લા કલેક્ટરે કોન્ટ્રાક્ટરોને આ વિસ્તારમાં જમા થયેલી માટી વહેલી તકે હટાવી લેવા અગાઉથી જ કડક સૂચના આપી હતી. પરંતુ, કોન્ટ્રાક્ટરોએ આ આદેશનું પાલન કર્યું ન હતું.





### કેમેરામાં કેદ થયો મોતનો લાઈવ વીડિયો

ઘટના સમયનો એક રૂંવાડા ઉભા કરી દે તેવો વીડિયો સામે આવ્યો છે, જેમાં મીનાક્ષી બ્રિજ પાસે એકત્ર કરાયેલો માટીનો પહાડ પળવારમાં ધસી પડતો દેખાય છે. વીડિયોની પૃષ્ઠભૂમિમાં એક પ્રત્યક્ષદર્શી "મિત્રો, ઝડપથી દોડો!" બૂમો પાડતો સાંભળવા મળે છે. સીસીટીવી ફૂટેજમાં જોઈ શકાય છે કે કાદવનો આ પ્રવાહ બ્રિજ પર ઉભેલી એક ટેન્કર લોરીને ઢસડી જાય છે. રસ્તા પર દોડતા કેટલાક લોકો કાદવની ઝપેટમાં આવી જાય છે, જોકે એક પુરુષ અને મહિલા કાદવથી લથપથ હાલતમાં ચમત્કારિક રીતે બચીને બહાર નીકળતા જોવા મળે છે. કામદારોને લાવવા-લઈ જવા માટે પાર્ક કરેલી એક ખાનગી બસ પણ કાદવના જોરથી બાજુની નદીમાં ખાબકી ગઈ હતી.

### સરકારના દાવા વચ્ચે ARAIના ગુપ્ત રિપોર્ટમાં થયો ચોંકાવનારો ખુલાસો!

# ઈ૨૦ પેટ્રોલથી વાહનોને નુકસાન?

**એન્જિનના** રબર પાર્ટ્સ ઘસાવા લાગ્યા અને એક્ઝોસ્ટ વાલ્વ ફેઈલ થયા; પરીક્ષણમાં BS-VI ટર્બો એન્જિનમાં ખામીઓ સામે આવી

**હજુ** સુધી જાહેર ન થયેલા ARAI રિપોર્ટની અંદરની વાત

નવી દિલ્હી, તા.7: ઈ20 ઈંધણના રોલઆઉટની ભલામણ કરતકા એઆરએઆઈ (ઓટોમોટિવ રિસર્ચ એસોસિએશન ઓફ ઇન્ડિયા)ના એક અહેવાલમાં વાહનના નુકસાન અંગે નવી માહિતી બહાર આવી છે. અહેવાલમાં જણાવાયું છે કે, ઈ10-અનુરૂપ વાહનોમાં ઈ20 ઈંધણના ઉપયોગથી ઈંધણ સિસ્ટમના રબર ઘટકો, જેમ કે હોઝ, ગાસ્કેટ, સીલ અને ઓ-રિંગ્સમાં ઘસાઈ ગયા છે. અભ્યાસમાં જો જરૂરી હોય તો આ ઘટકોને બદલવાની પણ ભલામણ કરવામાં આવી છે.

જોકે, આ અભ્યાસ હજી સુધી જાહેર કરવામાં આવ્યો નથી, પરંતુ તેને ઈ20 ઈંધણની નીતિ પર સરકાર અને વાહન-ઉત્પાદકો માટે એક મહત્ત્વપૂર્ણ સંદર્ભ દસ્તાવેજ માનવામાં આવે છે.

નવા અભ્યાસને ટાંકીને એક અહેવાલમાં જણાવાયું છે કે, ફોર-વ્હીલર્સના એન્જિન ટકાઉપણા પરીક્ષણમાં, બીએ-IV એન્જિનનું પ્રદર્શન ઈ20 ઈંધણ સાથે સંતોષકારક જોવા મળ્યું હતું, જ્યારે બીએસ VI ટર્બોચાર્જ્ડ એન્જિનમાં 265 કલાકના પરીક્ષણ પછી સમસ્યાઓ જોવા મળી હતી.

અભ્યાસના એન્જિન ટકાઉપણા ભાગમાં જણાવાયું છે કે, બે ફોર-વ્હીલ ડ્રાઇવ વાહન-ઉત્પાદકો (ઓઈએમ)એ પરીક્ષણો હાથ ધર્યા હતા. એક ઉત્પાદકના એન્જિને સંતોષકારક કામગીરી દર્શાવી હતી અને 400 કલાકના પરીક્ષણ દરમિયાન ઈ20 ઈંધણમાં કોઈ સમસ્યા દર્શાવી ન હતી. બીજા ઉત્પાદકના એન્જિનમાં કુલ 809 કલાકના પરીક્ષણ દરમિયાન એક્ઝોસ્ટ વાલ્વમાં થર્મોમિકેનિકલ નિષ્ફળતા જોવા મળી હતી.

થર્મોમિકેનિકલ નિષ્ફળતા ત્યારે થાય છે જ્યારે અતિશય તાપમાન અને સતત તીવ્ર યાંત્રિક તાણની સંયુક્ત અસરોને કારણે એન્જિનનો એક્ઝોસ્ટ વાલ્વ બળે છે. તિરાડ પડે છે અથવા તૂટી જાય છે. આ રિપોર્ટથી પરિચિત લોકોને ટાંકીને અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, અન્ય ઓઈએમ પર આ એક્ઝોસ્ટ વાલ્વ નિષ્ફળતા પાછળ અન્ય તક્નિકી કારણો હોઈ શકે છે. વાહન પરીક્ષણ નિષ્ણાતોના મતે, એન્જિન ટકાઉપણું પરીક્ષણો સામાન્ય રીતે આશરે 2,000 કલાક માટે હાથ ધરવામાં આવે છે.



### ઉમેદ ભવનમાં યોજાયા શૈલેશ લોઢાની પુત્રી સ્વારાના લગ્ન



મુંબઈ, તા. 7: 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' ફેમ શૈલેશ લોઢાની પુત્રી સ્વારાના લગ્ન તાજેતરમાં જોધપુરના ભવ્ય ઉમેદ ભવન પેલેસમાં યોજાયા હતા. આ ખાનગી લગ્નના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. આ સેલિબ્રેશનમાં અભિનેતા વિકી કૌશલ ખાસ મહેમાન તરીકે હાજર રહીને આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. વાયરલ વીડિયોમાં વિકી કૌશલ સફેદ શેરવાની જેકેટ અને બ્લેક ટ્રાઉઝરમાં જોવા મળી રહ્યો છે. શૈલેશ લોઢાએ તેનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. વીડિયોમાં વિકી શૈલેશ લોઢાનો સાફો (પાઘડી) સરખો કરતો, જાનૈયાઓનું સ્વાગત કરતો અને દુલ્હનને ગળે લગાડીને શુભેચ્છા આપતો જોવા મળે છે. વરમાળાની વિધિ પણ ખૂબ જ સુંદર અને જાદુઈ લાગતી હતી.

### 'રામાયણ'ના વિતરણ માટે ધર્મા પ્રોડક્શન્સની રૂ. ૨૫૦ કરોડમાં ડીલ



મુંબઈ, તા. 7 ભારતીય મહાકાવ્ય 'રામાયણ' પર આધારિત નિતેશ તિવારીની ફિલ્મનો પ્રથમ ભાગ આ ઓક્ટોબરમાં દિવાળી પર વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થવાનો છે, ત્યારે તેના સહ-નિર્માતાઓ – નમિત મલ્હોત્રાની ડીએનજીઈ અને યશની મોન્સ્ટર માઇન્ડ ક્રિએશન્સે – આ ફિલ્મને સમગ્ર ભારતમાં વિતરિત કરવા માટે કરણ જોહરની ધર્મા પ્રોડક્શન્સ સાથે કરાર કર્યો છે. આ ડીલ સમગ્ર ભારતમાં એકમાત્ર વિતરણ માટે રૂ. 250 કરોડ પર નક્કી થઈ છે. અહેવાલો અનુસાર, આ બે ભાગની ફિલ્મ રૂ. 4,000 કરોડના ખર્ચે બની રહી છે. ધર્મા પ્રોડક્શન્સને થોડા વર્ષો પહેલા મોટું રોકાણ મળ્યું હતું જ્યારે અદાર પૂનાવાલાની સીરમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાએ રૂ. 1,000 કરોડમાં પ્રોડક્શન હાઉસમાં 50% હિસ્સો ખરીદ્યો હતો.

# રામ મંદિર ટ્રસ્ટ વિવાદઃ ચંપત રાયે કહ્યું- 'આરોપો પાયાવિહોણા'

**ચોપાઈ** ટાંકીને કહ્યું: SITના રિપોર્ટ પછી આપીશ જવાબ

**ચંપત** રાય અને અનિલ મિશ્રા હવે ટ્રસ્ટના સભ્ય પણ રહ્યા નથી

**૩૨** કિલો સોનું અને ૧,૫૧૮ કિલો ચાંદી સંપૂર્ણ સુરક્ષિતઃ દેવ ગિરી

અયોધ્યા, ૭ જુલાઈઃ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના જનરલ સેક્રેટરી પદેથી રાજીનામું આપ્યાના એક દિવસ બાદ, ચંપત રાયે મંગળવારે રામ ભક્તોને સંબોધીને એક હસ્તલિખિત પત્ર જાહેર કર્યો છે. તેમણે દાનની ઉચાપતના તમામ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે અને કહ્યું છે કે તેમનું જીવન એક ખુલ્લી કિતાબ રહ્યું છે.

પોતાની સ્થિતિ સ્પષ્ટ કરવા માટે ચંપત રાયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ગોસ્વામી તુલસીદાસજી રચિત રામચરિતમાનસની એક પ્રખ્યાત ચોપાઈ ટાંકી છેઃ

ધીરજ ધર્મ મિત્ર અરુ નારી। આપદ કાલ પરખિએ ચારી॥

(અર્થાતઃ ધૈર્ય, ધર્મ, મિત્ર અને પત્ની–આ ચારની પરીક્ષા મુશ્કેલીના સમયમાં જ થાય છે.)

દરમ્યાન, ટ્રસ્ટે સ્પષ્ટ કર્યું છે કે સોમવારે રાજીનામું સ્વીકારાયા બાદ ચંપત રાય અને અનિલ મિશ્રા હવે ટ્રસ્ટના સભ્ય પણ રહ્યા નથી.

# પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં આતંકવાદી હુમલામાં 9 પોલીસકર્મીઓ માર્યા ગયા

ઈસ્લામાબાદ, તા. 7 (PTI) પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં એક પોલીસ પોસ્ટ પર થયેલા આતંકવાદી હુમલામાં ઓછામાં ઓછા નવ પોલીસકર્મીઓ માર્યા ગયા છે. એમ અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું.

આ ઘટના સોમવારે રાત્રે ઝિયારત જિલ્લાના માંગી ડેમ વિસ્તારમાં આવેલી પોલીસ પોસ્ટ પર બની હતી.

ડોન અખબારના અહેવાલ મુજબ,ઝિયારતના ડેપ્યુટી કમિશનર અબ્દુલ કુદૂસ અચકઝઈએ પુષ્ટિ કરી છે કે, નવ પોલીસકર્મીઓ માર્યા ગયા છે અને પાંચ હજુ પણ ગુમ છે.

દરમિયાન એક અલગ નિવેદનમાં રિંદે જણાવ્યું હતું કે હુમલા બાદ શરૂ કરાયેલા ક્લિયરન્સ ઓપરેશનમાં તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (ટીટીપી)ના 15 આતંકવાદીઓ માર્યા ગયા છે.

ટીટીપી, જે એક આતંકવાદી જૂથ છે, તેને સંયુક્ત રાષ્ટ્ર (યુએન) દ્વારા આતંકવાદી સંગઠન જાહેર કરવામાં આવ્યું છે.

# હાઈકોર્ટે કોકરોચ જનતા પાર્ટીનું એક્સ એકાઉન્ટ પુનઃસ્થાપિત કર્યું

**દિલ્હી** હાઈકોર્ટે કેન્દ્રના બ્લોક ઓર્ડરને રદ કર્યો

નવી દિલ્હી, તા. 7: દિલ્હી હાઈકોર્ટે કોકરોચ જનતા પાર્ટીના એક્સ એકાઉન્ટને પુનઃ સ્થાપિત કરવાનો આદેશ આપ્યો છે. કોર્ટે અભિવ્યક્તિની સ્વતંત્રતા પરના આવા પ્રતિબંધો માટે કાનૂની તપાસની જરૂર છે એમ કહીને કેન્દ્ર સરકારના એકાઉન્ટને બ્લોક કરવાના આદેશને રદ કર્યો હતો.

સુનાવણી દરમિયાન કેન્દ્ર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ દલીલ કરી હતી કે, નીટ પુનઃ પરીક્ષા પહેલાં કોઈપણ પ્રકારની અરાજકતા અને મુંઝવણ ટાળવા માટે કોકરોચ જનતા પાર્ટીનું એકાઉન્ટ બ્લોક કરવામાં આવ્યું હતું.

દિલ્હી હાઈકોર્ટે સીજેપીના એક્સ એકાઉન્ટ પરનો પ્રતિબંધ હટાવવાની માંગ કરતી અરજી પર સુનાવણી કરતી વખતે કહ્યું હતું કે, નીટ અંગે કેન્દ્રની મુખ્ય ચિંતા હવે પ્રાસંગિક નથી અને તેથી બ્લોકિંગનો આદેશ રદ કરવામાં આવે છે.

કોકરોચ જનતા પાર્ટી નીટ-યુજી પેપર લીક અને પરીક્ષાની ગેરરીતિઓ અંગે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગણી સાથે 18 દિવસથી જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન કરી રહી છે.

### ટીએમસીના બેંક ખાતાઓમાં શંકાસ્પદ ફંડ કેસમાં

# ઈડીના કોલકાતામાં 5 સ્થળોએ દરોડા

કોલકાતા/નવી દિલ્હી, તા. 7 (PTI) એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા મંગળવારે કોલકાતામાં વિવિધ સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ તપાસ ટીએમસીના બેંક ખાતાઓમાંથી એમ્બ્રેર જેટ અને અગસ્તાવેસ્ટલેન્ડ હેલિકોપ્ટરની ખરીદી માટે કથિત રીતે ફંડ ડાયવર્ટ કરવાના મામલા સાથે જોડાયેલી છે. પશ્ચિમ બંગાળની રાજધાનીમાં આવેલા કુલ પાંચ પરિસરોને આ તપાસ હેઠળ આવરી લેવામાં આવ્યા હતા, જેમાં કેરવેલ ગ્રુપ ઓફ કંપનીઝના પરિસરો પણ સામેલ છે. આ ગ્રુપ 'કેરવેલ એવિએશન' નામની ખાનગી જેટ અને ચાર્ટર હાયરિંગ સંસ્થા પણ ચલાવે છે. આ કોલકાતા સ્થિત નોન-શેડ્યૂલ્ડ એરક્રાફ્ટ ઓપરેટર તરફથી પીટીઆઈના પ્રશ્નનો જવાબ હજી બાકી છે. ટીએમસી તરફથી પણ હજી કોઈ પ્રતિક્રિયા આવી નથી. અધિકારીઓએ જણાવ્યું કે, કેન્દ્રીય એજન્સીની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, એપ્રિલ 2023થી જૂન 2026 વચ્ચે ટીએમસીના બેંક ખાતાઓમાંથી આશરે 160 કરોડ કેરવેલ એવિએશન ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ અને તેની સંબંધિત સંસ્થામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

### ભારતીય મૂળના બિઝનેસમેને ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ સાથે 425 કરોડની છેતરપિંડી કરી

નવી દિલ્હી, તા. 7: ઓસીસીઆરપી અને ઈન્ડોનેશિયન મેગેઝિન 'ટેમ્પો'ના અહેવાલ મુજબ, ગૌરવે ખુદને સીઆઈએ એજન્ટ ગણાવીને રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતો (તત્કાલીન સંરક્ષણ મંત્રી) નો વિશ્વાસ જીત્યો અને સંરક્ષણ સોદાના નામે 425 કરોડ રૂપિયાની નકલી લોન મંજૂર કરાવી લીધી હતી.







**મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ**
Muthoot Homefin
કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. 19-NE, 19મો માળ, ધ રૂબી, `નાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ પાસે, દાદર (પશ્ચિમ), મુંબઈ, મહારાષ્ટ્ર- 400 028

**કબજા નોટિસ (સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002ના નિયમ 8(1) સાથે વંચાણમાં લેતા પરિશિષ્ટ IV મુજબ)**

જેમ કે, અધોસ્વાક્ષરકર્તા સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ 2002 (2002નો 54) હેઠળ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 સાથે વંચાણમાં લેતા કલમ 13(12) હેઠળ મળેલી સત્તાની રૂએ મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ (MHIL)ના અધિકૃત અધિકારી હોવાથી, કંપનીના અધિકૃત અધિકારી દ્વારા અહીં નીચે દર્શાવેલ લોનધારક(કો)/જામીનદાર(કો) ને સદર નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં જણાવેલી રકમ ચૂકવી દેવા માટે માંગણી નોટિસ(ઓ) જારી કરવામાં આવી હતી. લોનધારક રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયેલ હોવાથી લોનધારક(કો)/સહ-લોનધારક(કો)/જામીનદાર(ઓ) અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે અધોસ્વાક્ષરકર્તાએ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 સાથે વંચાણમાં લેતા સદર અધિનિયમની કલમ 13(4) હેઠળ તેમને મળેલી સત્તાની રૂએ નીચે વર્ણવેલી મિલકતનો કબજો લઈ લીધો છે. ખાસ કરીને લોનધારક અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓ આ મિલકત સાથે કોઈ વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર અહીં નીચે જણાવેલ રકમ અને તેના પરના વ્યાજ માટે મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડના બોજાને આધીન રહેશે. ગીરો મુકેલી અસ્કયામતો (સિક્યોર્ડ એસેટ્સ) મુક્ત કરાવવા માટે ઉપલબ્ધ સમયના સંબંધમાં, લોનધારકનું ધ્યાન અધિનિયમની કલમ 13ની પેટા-કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

| ક્રમ નં. | લોનધારક(કો)/સહ-લોનધારક(કો)ના નામ / ખાતા નં./શાખા | ગીરો મુકેલી અસ્કયામતોની ટૂંકી વિગત | માંગણી નોટિસની તારીખ અને કુલ બાકી નીકળતી રકમ (રૂપિયા) | કબજો લીધાની તારીખ |
|---|---|---|---|---|
| 1. | પાર્વતી સંજય જાદવ/ રવિકુમાર સંજય જાદવ/ 004-00405546/સુરત | મોજે જોળવા, તાઃ પલસાણા, જિઃ સુરતની જમીન જેના રેવન્યુ સર્વે નં. 159/2/8 અને 159/2/A, બ્લોક નં. 183 અને 184 પૈકી બ્લોક નં. 184, પ્લોટ નં. 2 થી 9, અને કુલ 4696 ચો.મી. ખુલ્લી જમીન, પૈકી પ્લોટ નં. 17 થી 19, જેનું ક્ષેત્રફળ 379.02 ચો.મી. છે, તેના પર આવેલ "સત્યમ રેસિડેન્સી, બિલ્ડિંગ નં. A" ના 5મા માળે આવેલ ફ્લેટ નં. A/504, જેનું બાંધકામ ક્ષેત્રફળ (બિલ્ટ અપ એરિયા) 21.86 ચો.મી. છે, તે સ્થાવર મિલકતનો સમગ્ર હિસ્સો અને ભાગ તથા જમીનમાં અવિભાજિત હિસ્સો, જેની ઉત્તરેઃ સોસાયટીનો રોડ, દક્ષિણેઃ અન્ય પ્લાન સંલગ્ન, પૂર્વેઃ પ્લોટ નં. 16 સંલગ્ન, પશ્ચિમેઃ બિલ્ડિંગ નં. B સંલગ્ન. | 28-ફેબ્રુઆરી-2026/ રૂ. 4,90,567/- (રૂપિયા ચાર લાખ નેવું હજાર પાંચસો સડસઠ પુરા) | 05-July-2026 |

તારીખઃ 08 જુલાઈ, 2026
સ્થળઃ સુરત

સહી/- અધિકૃત અધિકારી
મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ